| Publication : Satellite Samachar | Edition : Ahemdabad |
|---|---|
| Date : April 15, 2020 | Page: 2 |


# ઈક્વિટાસ સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડે સેલ્ફી એફડી અને સેલ્ફી સેવિંગ્સ એકાઉન્ટ સાથે ડિજિટલ બેંકિંગની સુવિધાઓ ઓફર કરી

મુંબઈ઼઼

ભારતમાં ૩૧ માર્ચ, ૨૦૧૯ સુધી બેંકિંગ આઉટલેટની સંખ્યાની દ્રષ્ટિએ સૌથી મોટી સ્મોલ ફાઈનાન્સ બેંક ("એસએફબી") (સ્ત્રોત: ક્રિસિલ રિપોર્ટ) ઈક્વિટાસ સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ ("બેંક") કોઈ પણ પ્રકારનાં ફિઝિકલ કોન્ટેક્ટ વિના કે બ્રાન્ચની મુલાકાત લીધા વિના નવા ગ્રાહકોને સેલ્ફ-ઓનબોર્ડિંગ સાથે રાષ્ટ્રીય/પ્રાદેશિક લોકડાઉન દરમિયાન સેલ્ફી એફડી અને સેલ્ફીસેવિંગ્સ એકાઉન્ટની સુવિધા ઓફર કરી છે. ગ્રાહકો તેમના આધાર નંબર અને પેન નંબર આપીને બેંકમાં રૂ. ૯૦,૦૦૦/-ના મૂલ્ય માટે સેલ્ફી ફિક્સ્ડ ડિપોઝિટ (એફડી) ઓનલાઈન ખોલાવી શકે છે તથા પછી ફક્ત ત્રણ મિનિટમાં તેમની એફડી ઓનલાઈન બુક કરાવી શકે છે, જેના પર તેમને ૧ વર્ષ માટે વાર્ષિક ૭.૭૫ ટકા★ રિટર્ન મળી શકે છે. ડિજિટલ સ્વતંત્ર ઈન્સ્ટા ફિક્સ્ડ ડિપોઝિટ સેલ્ફી એફડી ઘરેથી સુવિધાજનક રીતે એફડી બુક કરવાની સરળ રીત છે, જેમાં ભારતમાં કોઈ પણ સંપૂર્ણ-કેવાયસી નોન-ઈક્વિટાસ બેંક ખાતામાંથી UPI VPA ફંડિંગ ઓફર કરીને સુવિધાજનક પેકેજનો લાભ મળે છે (યુપીઆઈમાં લિન્ક).